R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-2009-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૧ ● તા. ૨જી ડિસેમ્બર, ૨૦૦૯ ● અંક નં. ૫૧

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ  કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી  સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

To,

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

E-mail : pub1-info@gujarat.gov.in  www.gujaratpublications.com  Phone No. : 079-232-53440

અરજી ફોર્મ સ્વીકારવાની
છેલ્લી તારીખ : ૧૫-૧૨-૨૦૦૯

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

જાહેરાત ક્રમાંકઃ ૦૪/૨૦૦૯

બ્લોક નં.૪, ડો જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

### મહેસુલ તલાટી- વર્ગ-૩ની ૧૫૬૩ જગ્યાઓ માટે ભરતી

❑ સંવર્ગ :-રેવન્યુ તલાટી વર્ગ-૩

રાજય સરકારના મહેસુલ વિભાગ હેઠળની જિલ્લા કલેકટર કચેરીઓમાં નીચે મુજબની કેટેગરીની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે લાયક ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

❑ **રેવન્યુ તલાટી, વર્ગ-૩ની ખાલી જગ્યાઓની વિગતો :-**

| જા.ક્ર | જગ્યાનું નામ | કુલ જગ્યા | સામાન્ય | | અનામત જગ્યાઓ | | | | | | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | અનુસુચિત જાતિ | | અનુ.જન જાતિ | | સા.શૈ.પ | | | |
| | | | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | શા.ખો. ખાં | માજી સૈનિક |
| ૦૪/૦૯ | રેવન્યુ તલાટી | ૧૫૬૩ | ૬૪૪ | ૨૭૧ | ૮૩ | ૨૭ | ૧૧૨ | ૪૩ | ૨૭૧ | ૧૧૨ | ૩૯ | ૧૬૯ |

- ♦ અનામત જગ્યાઓ મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીનાં ઉમેદવારો માટે જ અનામત છે.
- ♦ મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા તે જ કેટેગરીનાં પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.
- ♦ માજી સૈનિક માટે નિયમોનુસાર અનામત રાખેલ જગ્યા જે તે કેટેગરી સામે સરભર કરાશે. જો લાયક માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.
- ♦ શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરાશે.

❑ **પગાર ધોરણ:-** નાણાં વિભાગનાં તા.૧૬/૨/૦૬ના ઠરાવ નંબર : ખરચ/૨૦૦૨/૫૭/ઝ/૧ ની જોગવાઈઓ આધીન પ્રથમ પાંચ વર્ષ માટે રૂા.૨૫૦૦/- પ્રતિમાસ ઉચ્ચક પગારથી લાયક ઉમેદવારને અજમાયશી ધોરણે નિમણૂંક અપાશે. ત્યારબાદ ઉમેદવારની પાંચ વર્ષની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાં તા.૪/૬/૦૯ નાં ઠરાવ નં. સીઆરઆર-૧૧૨૦૦૮- ૪૩૩૭૧૭-ગ.૫ અન્વયે મહેસુલ વિભાગ ધ્વારા ઠરાવેલ શરતો અને બોલીઓ મુજબ સંતોષકારક રીતે પૂરી થયેથી **રેવન્યુ તલાટી** તરીકે જે તે પ્રવર્તમાન પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવા પાત્ર થશે.

❑ **રાષ્ટ્રીયતા :-** ઉમેદવાર ભારતનો નાગરિક હોવા જોઈએ.

❑ **શૈક્ષણિક લાયકાત :-**(૧) આ જાહેરાત અન્વયે સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂંકપાત્ર થવા માટે ઉમેદવાર નિયત તારીખે માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા આયોજિત ઉચ્ચત્તર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષામાં (એચ.એસ.એસ.સી.ઈ. (ધોરણ-૧૨)) ઉત્તીર્ણ થયા હોવા જોઈશે અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈશે.(૨) ઉમેદવાર રાજય સરકારના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તાઃ ૧૩-૮-૦૮ના સરકારી ઠરાવ નંબરઃ સીઆરઆર - ૧૦-૨૦૦૭ - ૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. તથા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબકકે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ નિમણૂંક મેળવતા પહેલાં આ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે, અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે નહીં.(૩)ગુજરાતી અને હિંદી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતાં હોવાં જોઈશે.

❑ **વયમર્યાદા :-**(૧)તા.૧૫-૧૨ -૨૦૦૯ ના રોજ ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૨૫ વર્ષથી વધુ નહિ હોવી જોઈશે.(૨) મૂળ ગુજરાતના હોય તેવા તમામ અનામત વર્ગોના, શારીરિક ખોડ ખાંપણવાળા, માજી સૈનિકો તથા તમામ કેટેગરીની મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર છૂટછાટ આપવામાં આવશે. (૩)માજી સૈનિક :- જે માજી સૈનિકે છ માસથી ઓછી નહીં તેટલી ફરજ બજાવેલ હોય તો તેવા અને ફરજમાંથી નિયમિત રીતે ડિસ્ચાર્જ થયા હોય તેવા, માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ખરેખર ઉંમરમાંથી બાદ કરતાં મળતી પરિણાત્મક ઉંમર, ભરતી નિયમોમાં ઠરાવેલ જે તે કેટેગરીની ઉપલી વયમર્યાદાથી વધવી જોઈશે નહીં.

❑ **શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/ જાતિ પ્રમાણપત્ર અને નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ તેમજ અન્ય લાયકાતો માટે નિર્ધારીત તારીખ :-**

♦ તમામ ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને જાતિ પ્રમાણપત્ર અને નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ તેમજ અન્ય લાયકાતો તા.૧૫-૧૨ -૨૦૦૯ની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

❑ **પસંદગી પ્રક્રિયા :-** રેવન્યુ તલાટીની જગ્યા ઉપર પસંદગી પામવાનાં હેતુસર ઉમેદવારે નીચે જણાવેલ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.

**(૧) સ્પર્ધાત્મક લેખિત કસોટી : (હેતુલક્ષી પ્રશ્નોવાળું પ્રશ્નપત્ર) કુલ પ્રશ્નો : ૧૦૦ કુલ ગુણ : ૧૦૦ સમય : ૧ કલાક**

**વિષય :- સામાન્ય જ્ઞાન :** રેવન્યુ તલાટીની ઠરાવેલ તમામ લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની સ્પર્ધાત્મક લેખિત કસોટી હેતુલક્ષી પ્રશ્નોની લેવાશે. જેમાં ધોરણ-૧૨ કક્ષાના સામાન્ય જ્ઞાન અને બુધ્ધિ કૌશલ્યના વિષય સંબંધિત બાબતોનું તથા ગુજરાતી ભાષા, ગુજરાતી વ્યાકરણ, અંકગણિત અને અંગ્રેજી વ્યાકરણનાં વિષયોને અનુરૂપ હેતુલક્ષી પ્રશ્નોવાળું ફોચ પધ્ધતિનું પ્રશ્નપત્ર રહેશે. ઉમેદવારે સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં મેળવેલ ગુણને આધારે મેરીટ ક્રમાનુસાર કેટેગરીવાર ખાલી જગ્યા ઉપર જે તે કેટેગરીમાં મંડળે નિયત કરેલ લઘુત્તમ લાયકી ગુણ ધરાવનાર લાયક ઉમેદવારોને નિમણૂંક માટે ફાળવવા પસંદગી યાદી / પ્રતિક્ષા યાદી જાહેર કરવામાં આવશે.(૨)મંડળ ધ્વારા તમામ ઉમેદવારોને તેઓએ અરજીપત્રકમાં ભરેલ માહિતી સાચી હોવાનું માનીને સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ભાગ લેવા માટે કોલલેટર ઈસ્યુ કરવામાં આવશે પરંતુ આખરી પસંદગી યાદી તૈયાર કરતાં સમયે કે વિગતવાર નિમણૂક સમયે કે નિમણૂક બાદ પણ જો ઉમેદવાર શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, કેટેગરી, અન્ય લાયકાત કે અન્ય કોઈપણ પ્રકારની ખોટી માહિતી આધારે કે કોમ્પ્યુટર ભૂલ/ માનવીય ભૂલ આધારે ખોટી રીતે, ગેરકાયદેસર રીતે પસંદગી પામ્યાનું મંડળનાં ધ્યાને આવશે તો તેવા ઉમેદવારની પસંદગી / નિમણૂક/ ઉમેદવારી મંડળ ધ્વારા **'રદ'** કરવામાં આવશે.

**નોંધઃ- આ સ્પર્ધાત્મક લેખિત કસોટી સંભવતઃ જાન્યુઆરી ૨૦૧૦ નાં અંતિમ સપ્તાહમાં લેવામાં આવશે, જે અનિવાર્ય સંજોગોમાં ફેરફારને આધીન છે.**

❑ **પરીક્ષા ફી :-** બિન અનામત વર્ગના (સામાન્ય કેટેગરી) અરજદારે અરજીપત્રક રૂબરૂમાં રજૂ કરતાં સમયે પરીક્ષા ફી રૂા.૧૦૦/-રોકડા ચૂકવવાની રહેશે. અનામત વર્ગના અને માજી સૈનિક તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતાં અરજદારોએ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી. અરજદારોએ ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

❑ **અરજીપત્રક અંગેની સૂચનાઓ :-** આ જાહેરાત અન્વયે મંડળ ધ્વારા રાજયનાં તમામ જિલ્લાનાં કલેકટર તેમજ મંડળે નીચે દર્શાવેલ નિયત કરેલ તાલુકા મામલતદાર હસ્તકના જનસેવા કેન્દ્ર ઉપરથી નિયત સમય દરમ્યાન વિતરણ થઈ રહેલ નિયત પ્રિન્ટેડ નંબરવાળા અરજીપત્રક અરજદારે પોતાના રહેઠાણનાં જિલ્લામાં આવેલ સ્વીકાર કેન્દ્રોમાંથી મેળવીને પોતાના હસ્તાક્ષરમાં ભરીને અરજીપત્રક નિયત સમયમર્યાદામાં જે તે જનસેવા કેન્દ્ર ઉપર જ રૂબરૂમાં રજુ કરવાનાં રહેશે.

**(૧) અરજીપત્રક મેળવવાનું અને ભરેલ અરજીપત્રક રજૂ કરવાનું સ્થળ** :-(૧) નીચે દર્શાવેલ રાજયના દરેક જિલ્લા મુખ્ય મથકે કલેકટર હસ્તકનું જનસેવા કેન્દ્ર / કલેકટર કચેરી બિલ્ડીંગ (૨) નીચે દર્શાવેલ જિલ્લા સામે બતાવેલ તાલુકા મથકે આવેલ તાલુકા મામલતદાર હસ્તકનું જનસેવા કેન્દ્ર/ મામલતદાર કચેરી બિલ્ડીંગ.

| ક્રમ | જિલ્લો | જિલ્લા મુખ્ય મથકે કલેકટર કચેરી હસ્તક જનસેવા કેન્દ્રનું સ્થળ | તાલુકા મામલતદાર હસ્તક જનસેવા કેન્દ્રનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ શહેર<br>૧. કલેકટર ઓફીસ બિલ્ડીંગ,સુભાષબ્રીજ, આર.ટી.ઓ.ઓફીસની બાજુમાં.<br>૨. સર્કલ ઓફીસરની કચેરી ખોખરા- મહેમદાવાદ ચાવડી, રામજી મંદિરની પાસે, ખોખરા ગામ<br>૩. તલાટીશ્રી, નરોડાની કચેરી, મ્યુનિ. કોર્પો. સબ ઝોનલ ઓફીસ, બસસ્ટેન્ડ પાસે, નરોડા<br>૪. સર્કલ ઓફીસરની કચેરી વાસણા ચાવડી, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા<br>૫. તલાટીશ્રી, વસ્ત્રાલની કચેરી, મ્યુનિ. કોર્પો., સબ ઝોનલ ઓફીસ, બસસ્ટેન્ડ સામે, વસ્ત્રાલ ગામ. | વિરમગામ, ધોળકા, ધંધુકા |

➲

| ક્રમ | જિલ્લો | જિલ્લા મુખ્ય મથકે કલેકટર કચેરી હસ્તક જનસેવા કેન્દ્રનું સ્થળ | તાલુકા મામલતદાર હસ્તક જનસેવા કેન્દ્રનું સ્થળ |
|---|---|---|---|
| ૨ | અમરેલી | અમરેલી શહેર | બાબરા, રાજુલા |
| ૩ | આણંદ | આણંદ શહેર | પેટલાદ |
| ૪ | બનાસકાંઠા | પાલનપુર શહેર | ડીસા, થરાદ |
| ૫ | ભાવનગર | ભાવનગર શહેર | મહુવા, પાલીતાણા, બોટાદ |
| ૬ | ભરૂચ | ભરૂચ શહેર | વાગરા, અંકલેશ્વર |
| ૭ | ડાંગ | આહવા શહેર | -- |
| ૮ | ગાંધીનગર | ગાંધીનગર શહેર | દહેગામ, કલોલ |
| ૯ | દાહોદ | દાહોદ શહેર | ઝાલોદ, દેવગઢબારીયા, લીમખેડા |
| ૧૦ | જામનગર | જામનગર શહેર | ખંભાળીયા, ભાણવડ |
| ૧૧ | જૂનાગઢ | જૂનાગઢ શહેર | વેરાવળ, કેશોદ |
| ૧૨ | ખેડા | નડીયાદ શહેર | કપડવંજ, ખેડા |
| ૧૩ | નર્મદા | રાજપીપળા શહેર | ડેડીયાપાડા |
| ૧૪ | કચ્છ-ભુજ | ભુજ શહેર | અંજાર, નખત્રાણા |
| ૧૫ | પાટણ | પાટણ શહેર | રાધનપુર |
| ૧૬ | મહેસાણા | મહેસાણા શહેર | કડી, વિસનગર |
| ૧૭ | પોરબંદર | પોરબંદર શહેર | રાણાવાવ |
| ૧૮ | પંચમહાલ | ગોધરા શહેર | હાલોલ, લુણાવાડા |
| ૧૯ | રાજકોટ | રાજકોટ શહેર | ગોંડલ, મોરબી |
| ૨૦ | સાબરકાંઠા | હિંમતનગર શહેર | મોડાસા, ઈડર |
| ૨૧ | સુરત | સુરત શહેર | ઓલપાડ, માંગરોળ, બારડોલી |
| ૨૨ | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર શહેર | ધાંગધ્રા, લીંબડી, ચોટીલા |
| ૨૩ | વડોદરા | વડોદરા શહેર | ડભોઈ, છોટા ઉદેપુર |
| ૨૪ | નવસારી | નવસારી શહેર | ચીખલી |
| ૨૫ | વલસાડ | વલસાડ શહેર | ધરમપુર |
| ૨૬ | તાપી | વ્યારા શહેર | સોનગઢ |

**(૨) અરજીપત્રકની ફી :-**(૧) સામાન્ય વર્ગના અરજદારે રૂા.૧૦/- (દસ પુરા) (રોકડેથી) ચુકવીને નિયત અરજીપત્રક મેળવવાનું રહેશે. ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત થવાપાત્ર નથી. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તેમજ માજી સૈનિક અને શારીરિક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારોને અરજીપત્રકની ફી ભરવામાંથી મુકિત આપેલ હોઈને, જિલ્લા કલેકટર કચેરી/ તાલુકા મામલતદાર કચેરીનાં જનસેવા કેન્દ્ર ખાતે, જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ રજૂ કર્યેથી, વિના મૂલ્યે નિયત અરજીપત્રક મેળવી શકશે, અન્યથા અરજીપત્રકની નિયત ફી ચુકવવાની રહેશે. **(૩) ઉમેદવારે ફકત મંડળ ધ્વારા વિતરણ કરેલ નિયત અરજીપત્રકનો જ ઉપયોગ કરવાનો રહેશે, આ સિવાયના અરજીપત્રક 'રદ' ગણવામાં આવશે.** (૪) નિયત અરજીપત્રકની ઝેરોક્ષ/ ફેકસ નકલ /કોમ્પ્યુટરાઈઝડ/ ટાઈપ નકલ કે હસ્તલીખીત નમૂનાનું અરજીપત્રક માન્ય ગણાશે નહીં, અને તેવા અરજીપત્રકો 'રદ' ઠરાવવામાં આવશે.

**(૩) અરજીપત્રક મેળવવાનું અને ભરેલ અરજીપત્રક રજૂ કરવાનો સમયગાળો :-** ***તા.૨૭/૧૧/૦૯ થી તા.૧૫/૧૨/૦૯ સુધીમાં (ફકત કામકાજના દિવસોમાં- સવારે ૧૧-૦૦ થી સાંજના ૧૭-૦૦ સુધીમાં) (રિસેસ સિવાય)(જાહેર રજાઓ સિવાય)***

***નોંધ:- (૧) અરજદાર અરજીપત્રકમાં જે સરનામું દર્શાવવાના હોય તે જ જિલ્લામાં મંડળે ઉકત વિગતે નિયત કરેલ કેન્દ્રો ખાતેથી અરજીપત્રક મેળવીને યોગ્ય રીતે ભરીને તે જ સ્થળે નિયત સમયમર્યાદામાં રજૂ કરવાનું રહેશે. (૨) જો આપના તાલુકા કે નજીકનાં તાલુકામાં સ્વીકાર કેન્દ્ર હોય તો ત્યાંથી અરજીપત્રક મેળવીને ભરવું હિતાવહ છે.***

(૪) અરજીપત્રક સાથે કોઈપણ પ્રકારનાં બિડાણો રજૂ કરવાનાં નથી પરંતુ મંડળ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં પસંદગી પામેલ ઉમેદવારોથી વય, શૈક્ષણિક લાયકાત, જાતિ, કેટેગરી અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગનાં ઉમેદવારોથી નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ(નાણાંકીય વર્ષ ૨૦૦૮-૨૦૦૯)નું તા.૧૫/૧૨/૦૯ નાં રોજ કે તે પહેલા તા.૧/૪/૦૯ થી તા.૧૫/૧૨/૦૯ દરમ્યાન ઈસ્યુ કરેલ હોય તે ચકાસણી સારૂ કે અન્ય લાયકાતોનાં જરૂરી દસ્તાવેજો, અસલ પુરાવાઓ મંગાવશે જેમાં ચકાસણી દરમ્યાન ક્ષતિ જણાયે તેવા ઉમેદવારોને મંડળ ધ્વારા કોઈપણ તબકકે ગેરલાયક ઠરાવવામાં આવશે. **(૫)** ઉમેદવારે ભરેલ નિયત અરજીપત્રક રૂબરૂમાં જે તે જીલ્લાની જિલ્લા કલેકટર હસ્તકનું જન સેવા કેન્દ્ર અથવા મંડળે નિયત કરેલ તાલુકા મામલતદાર હસ્તકના જનસેવા કેન્દ્રમાં નિયત તારીખો દરમ્યાન આપીને નિયત પહોંચ મેળવી લેવાની રહેશે. આ અસલ પહોંચ ઉમેદવારે ભરતી પ્રક્રિયાની સમગ્ર કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી પુરાવા તરીકે સાચવીને રાખવાની રહેશે, અને મંડળ ધ્વારા જયારે માંગવામાં આવે ત્યારે અસલ પહોંચ અચૂક રજૂ કરવાની રહેશે. **(૬)** ટપાલથી મળેલ અરજીપત્રકો જિલ્લા કલેકટર/ તાલુકા મામલતદાર હસ્તકનાં જનસેવા કેન્દ્ર કે મંડળની કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં, અને આવા ટપાલથી મળેલ અરજીપત્રકો આપોઆપ 'રદ' ગણવામાં આવશે. જેથી ઉમેદવારોએ અરજીપત્રકો જાતે ભરીને રૂબરૂમાં જે તે જિલ્લા કલેકટર / અથવા મંડળે નિયત કરેલ તાલુકા મામલતદાર હસ્તકના જનસેવા કેન્દ્રો ઉપર નિયત તારીખો દરમ્યાન ચાલુ કામકાજના દિવસોમાં નિયત સમય દરમ્યાન રજુ કરવાના રહેશે. **(૭)** મંડળની કચેરીમાં કોઈ અરજીપત્રકનું વિતરણ કે સ્વીકાર કરવામાં આવશે નહીં તેમ છતાં, મંડળમાં રૂબરૂમાં કે પોસ્ટમાં અરજીપત્રકો મંગાવવામાં/ મોકલવામાં આવશે તો આવા અરજીપત્રકો આપોઆપ 'રદ' ગણવામાં આવશે તેમજ આ અંગે અરજદારને કોઈ લેખિતમાં જાણ કરવામાં આવશે નહીં. તેમજ આવા કિસ્સાઓમાં પોસ્ટ મારફત ભરેલ ફી સરકારી તિજોરીમાં જમા કરવામાં આવશે. (૮) ***ભરેલ અરજીપત્રક પરત સ્વીકારવાની છેલ્લી તારીખ :- ૧૫/૧૨/૨૦૦૯ છે.*** આ તારીખ બાદ કોઈ અરજીપત્રક કોઈપણ પ્રકારે મંડળ ધ્વારા / વતી સ્વીકારવામાં આવશે નહીં. **(૯)** અરજીપત્રકમાં ઉમેદવારે પોતાની સહી કરીને તેની બાજુના ખાનામાં પુરૂષ ઉમેદવારે ડાબા હાથના અંગૂઠાની છાપ અને મહિલા ઉમેદવારે જમણા હાથના અંગૂઠાની છાપ કરવાની રહેશે અન્યથા અરજીપત્રક ક્ષતિયુકત ગણીને જે-તે તબકકે મંડળ ધ્વારા 'રદ' ઠરાવવામાં આવશે. **(૧૦)** ઉમેદવારે પોતાના સામાન્ય રહેઠાણવાળા જીલ્લામાં નિયત અરજીપત્રક જે તે નિયત કેન્દ્રથી નિયત સમયમાં મેળવીને યોગ્ય રીતે જાતે ભરીને રૂબરૂમાં રજૂ કરવાનું રહેશે. ઉમેદવારે એક કરતાં વધારે અરજીપત્રકો ભરેલ હશે તો તેવા કિસ્સામાં તે ઉમેદવારના તમામ અરજીપત્રકો 'રદ' કરવાપાત્ર ઠરશે. **(૧૧)** નિયત અરજીપત્રકમાં ઉમેદવારે ચોકકસ દર્શાવેલી જગ્યાએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો નિયત ખાનામાં જ ગુંદર/ ફેવીકોલથી ચોંટાડવાનો રહેશે. ટાંચણ કે સ્ટેપલર વાપરવું નહીં. ઉમેદવારે તાજેતરનાં પાસપોર્ટ સાઈઝના ફોટા એક કરતા વધારે સંખ્યામાં પડાવીને તે પૈકી એક ફોટો ઉકત સૂચના મુજબ અરજીપત્રકમાં લગાવવાનો રહેશે અને બીજો ફોટો લેખિત કસોટી દરમ્યાન હાજરીપત્રકમાં લગાવવાનો રહેશે. **(૧૨)**નિયત અરજીપત્રક ફકત અંગ્રેજી કેપીટલ અક્ષરમાં / આંકડામાં કાળી અથવા ભૂરી રીફીલ ધરાવતી બોલપેનથી યોગ્ય રીતે અને સુવાચ્ય રીતે જે તે લાલ બોકસમાં જ ભરીને ઉમેદવારે પોતાની સહી અને અંગૂઠાનું નિશાન અરજીપત્રકમાં ઠરાવેલ જગ્યાએ કરવાનું રહેશે.તેમજ જે કોલમોમાં (✓) ની નિશાની હોય ત્યાં યોગ્ય ખાનામાં જ (✓) ની નિશાની કરવી. **(૧૩)** આ અરજીપત્રકમાં ઉમેદવારે જે તે કોલમની ભરવાની વિગત તેની સામે દર્શાવેલ લાલ કલરનાં ખાનામાં જ અંગ્રેજી કેપીટલ અક્ષર/ આંકડામાં/ કે (✓) કાળી અથવા ભૂરી બોલપેનથી ભરવાની છે. તેમજ ફોટો જે તે જગ્યાએ દર્શાવેલ લાલ ખાનામાં જ ચોંટાડવો. જો ઉમેદવારે ઉકત સૂચના મુજબ લાલ ખાનામાં જ પોતાની વિગતો યોગ્ય રીતે દર્શાવેલ નહીં હોય તો તેવા અરજીપત્રકો જો 'રદ' થાય તો ઉમેદવાર જવાબદાર ગણાશે. અરજીપત્રકને યોગ્ય રીતે ભરીને વાળ્યા વિના જે તે કેન્દ્ર ખાતે પરત જમા કરાવવાનું રહેશે. **(૧૪)** ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ મંડળ માંગે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે-તે તબકકે 'રદ' ગણવામાં આવશે. **(૧૫)**મંડળે વિતરણ કરેલ પ્રિન્ટેડ નંબરવાળા અરજીપત્રક સિવાયનું અરજીપત્રક હોય,સામાન્ય વર્ગના ઉમેદવારના કેસમાં નિયત પરીક્ષા ફી વિનાનું, અધૂરી વિગતોવાળું, ખોટી માહિતી ભરેલું, ફોટા સિવાયનું, ઉમેદવારની સહી અને અંગૂઠાનાં નિશાન સિવાયનું , ફાટેલું કે ચોળાયેલું/ વાળેલું કે અન્ય કોઈપણ ક્ષતિયુકત અરજીપત્રક કોઈપણ તબકકે 'રદ' થવાને પાત્ર રહેશે. આપનું અરજીપત્રક અરજીમાં આપે આપેલ બાંહેધરી મુજબ સાચી વિગતોવાળું હોવાનું માની લઈને સ્વીકારવામાં આવેલ છે. જેથી ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ તમામ વિગતોનાં અસલ પુરાવાઓ મંડળ ધ્વારા માંગણી થયેથી કોઈપણ તબકકે મંડળ સમક્ષ યથાસમયે રજુ ન કરનાર, ચકાસણી દરમ્યાન કે અસલ પુરાવાની વિગતોનો અરજીપત્રકની વિગતો સાથે વિસંગતતા હોય કે ખોટી સાબિત થતી હોય કે નિયત લાયકાતો ધરાવતાં ન હોય તો તેવા ઉમેદવારની ઉમેદવારી/ પસંદગી / નિમણૂક 'રદ' થવાને પાત્ર રહેશે તેમજ મંડળ ધ્વારા આ ઉમેદવાર સામે શિક્ષાત્મક પગલાં લેવા માટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. **(૧૬)** ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહીં. **(૧૭)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનાં અરજદારે સક્ષમ અધિકારથી નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ નું નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ તા.૧/૪/૦૯ થી તા.૧૫/૧૨/૦૯ દરમ્યાન મેળવેલ હોય તો જ આ કેટેગરીની જગ્યા માટેનાં અનામતના લાભ મળવાપાત્ર થશે. અન્યથા આવા અરજદારોનાં અરજીપત્રકો મંડળ ધ્વારા કોઈપણ તબકકે 'રદ' કરવામાં આવશે. **(૧૮)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનાં અરજદારો ઉકત પેરા-૧૭ ની વિગતે અરજી કરતાં સમયે નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ નું નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ ધરાવતા ન હોય તો તેઓએ સામાન્ય (જનરલ) કેટેગરીનાં ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. જે સંજોગોમાં આ ઉમેદવારને વયમાં છૂટછાટ તેમજ અનામતના લાભ મળશે નહીં. આવા ઉમેદવારને અરજીપત્રક ફી અને પરીક્ષા ફીમાંથી મુકિત મળશે. **(૧૯)** મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, (૨) બીજાનું નામ ધારણ કરવા માટે, (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે, (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત - (ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.

❑ **સામાન્ય સૂચનાઓ:** (૧) આખરી પસંદગી પામેલ લાયક ઉમેદવારો પાસેથી રેવન્યુ તલાટી સંવર્ગની નિમણૂક માટે જે તે જિલ્લાવાર ફાળવણી કરવા અંગેના પસંદગીના ક્રમ (પ્રેફરન્સ) આખરી પરિણામ પ્રસિધ્ધ થયા બાદ મંડળ ધ્વારા માંગવામાં આવશે અને જે તે જિલ્લાની કેટેગરીવાર ખાલી જગ્યાઓ તથા પસંદગી પામેલ જે તે કેટેગરીનાં ઉમેદવારના મેરીટ નંબરના આધારે જે તે જિલ્લામાં રેવન્યુ તલાટીની જે તે કેટેગરીની જગ્યા ઉપર આખરી પસંદગી પામેલ ઉમેદવારોની આખરી ફાળવણી મંડળ ધ્વારા કરવામાં આવશે. જે ફાળવણી તમામ આખરી પસંદગી પામેલ ઉમેદવારેને બંધનકર્તા રહેશે. (૨) આ જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગમાં નિમણૂક પામેલ ઉમેદવારે નાણાં વિભાગનાં તા.૧૬/૨/૨૦૦૬નાં ઠરાવ નં. ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ થી પાંચ વર્ષ સુધી માસિક રૂા.૨૫૦૦/- નાં ફીકસ પગારથી અજમાયશી ધોરણે ફરજ બજાવવાની રહેશે અને તેમની આ નિમણૂક સામાન્ય વહીવટ વિભાગનાં તા.૪/૬/૦૯ ના ઠરાવ નંબરઃ સીઆરઆર-૧૧૨૦૦૮- ૪૩૩૭૧૭/ગ.૫ તેમજ મહેસુલ વિભાગ/ નિમણૂક સત્તાધિકારીએ ઠરાવેલ બોલીઓ અને શરતો આધિન રહેશે. (૩) ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષનાં અજમાયશી ધોરણે રેવન્યુ તલાટીની જગ્યા ઉપર નિમણૂક સત્તાધિકારી ધ્વારા નિમણુક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાનાં નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.(૪) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂક મેળવાને પાત્ર ઠરશે. (૫) ઉમેદવાર પોતે રેવન્યુ તલાટી સંવર્ગની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા પાત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂક 'રદ' કરીને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.(૬) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.(૭) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક/ અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

**સચિવ,**
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.

# ઇન્ડો-તિબેટિયન સરહદી પોલીસ બળ

## હેડકોન્સ્ટેબલ (ડ્રેસર વેટરિનરી)ની જગ્યા માટે ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૨-૧૨-૨૦૦૯** **જગ્યાની કુલ સંખ્યા : ૨૫**

ઇન્ડો તિબેટિયન સીમા પોલીસબળમાં હેડ કોન્સ્ટેબલ (ડ્રેસર વેટરિનરી) ગ્રુપ * સી ની જગ્યા માટે ભારતીય પુરુષ ઉમેદવારો, પાસેથી નીચેની જગ્યાઓ હંગામી ધોરણે જે કાયમી થવા પાત્ર છે, જે ભરવા માટે અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. જગ્યા માટેની જવાબદારી સમગ્ર ભારત માટે રહેશે અને પસંદગી પામેલ ઉમેદવારોની સમગ્ર ભારતમાં અને વિદેશમાં પણ નિમણૂક થવા પાત્ર છે. નિમણૂક થયે, ઉમેદવારોને આઇટીબીપીએફનાં કાયદા અને નિયમો લાગુ પડશે.

❑ **પગાર ધોરણ અને અન્ય ભથ્થાઓ :**

♦ **પગાર ધોરણ-રૂા. ૫૨૦૦-૨૦૨૦૦ +ગ્રેડ પે. રૂા. ૨૪૦૦ પ્રતિ માસ**

♦ **અન્ય ભથ્થાંઓ :** જગ્યામાં મોંઘવારી ભથ્થું, રાશન રોકડ, વોશિંગ એલાઉન્સ સમયે સમયે મળવાપાત્ર છે. જ્યારે ચોક્કસ સીમા વિસ્તારોમાં નિમણૂક કરવામાં આવે ત્યારે વિશિષ્ટ ભથ્થું, ટ્રાન્સપોર્ટ ભથ્થું, મફત રજા પાસ અને નિયમો અને માર્ગદર્શિકાઓ હેઠળ સમયે સમયે બળમાં મળવાપાત્ર અન્ય ભથ્થાઓનો સમાવેશ થાય છે. તેઓનો નવી તૈયાર કરાયેલ ફાળાકીય પેન્શન યોજનામાં સમાવેશ કરવામાં આવશે.

♦ કસોટી માટે હાજર થનાર ઉમેદવારે દર્શાવવાનું - જાણ કરવાની રહેશે કે તેની સામે કોઇપણ પોલીસ સ્ટેશન/નામદાર કોર્ટમાં કોઇ પ્રકારની ફોજદારી કેસ (કેસો) પડતર નથી/નોંધાયેલા નથી.

♦ ખાલી જગાઓ જે વહીવટી કારણોસર ફેરફાર થવા પાત્ર છે તે નીચે મુજબ છે :-

| જગ્યાનું નામ (૧) | સામાન્ય (૨) | અ.જા. (૩) | અજ.જા. (૪) | અ.પ.વ. (૫) | કુલ (૬) |
|---|---|---|---|---|---|
| હેડ કોન્સ્ટેબલ (ડ્રેસર વેટરિનરી) | ૧૦ | ૦૨ | ૦૨ | ૧૧ | ૨૫ |

નોંધ : (૧) નિવૃત્ત સૈનિકો માટે દરેક કેટેગરીમાં ૧૦% જગ્યાઓ આરક્ષિત રહેશે.
(૨) અ.જા. /અજજા. / અ.પ.વ. ની જગ્યાઓમાં બેકલોગ પણ સામેલ છે.

❑ **લાયકાતનાં ધોરણો :**

❑ **ઉંમર :** ૨૦ થી ૨૫ વર્ષ (ઉંમર માટે ગણતરીમાં લેવામાં આવનાર તારીખ ૨૨-૧૨-૨૦૦૯ રહેશે)

❑ **નોંધ :**

♦ ઉપરની વયમર્યાદામાં એસસી/એસટી ઉમેદવારોને ૫ વર્ષ અને ઓબીસી ઉમેદવારોને ૩ વર્ષની છૂટછાટ મળવાપાત્ર છે.

♦ તાલીમબધ્ધ સૈનિક જે ભૂતપુર્વ સૈનિક છે. તેમના માટે લેખિત કસોટી અને મેડિકલ કેટેગરી નક્કી કરવા માટે તબીબી સક્ષમતા કસોટી લેવામાં આવશે. સરકારી હુકમો મુજબ નિયત શારીરિક ધોરણ અને શિક્ષણમાં છુટછાટ મળવાપાત્ર છે. ઉપલી વયમર્યાદામાં લશ્કરી સેવાની મુદત વત્તા ત્રણ વર્ષની છુટછાટ મળવાપાત્ર છે. નિવૃત્ત સૈનિક માટે લાયક ઠરવા માટે કોઇ પીઇટીની જરૂર નથી.

♦ ૧૯૮૪ના રમખાણો અને ગુજરાતના ૨૦૦૨ના કોમી રમખાણોમાં માર્યા ગયેલા સભ્યોના બાળકો અને આધારિત કુટુંબના સભ્યોને આ લાભ પાંચ વર્ષ સુધી મળવાપાત્ર છે. એસસી/એસટી/ ઓબીસીની મુક્તિ સરકારી માર્ગદર્શિકાઓ મુજબ વધારામાં પ્રાપ્ત થશે. આધારિત કુટુંબના સભ્યો એટલે બાળકો, અપરિણીત કિસ્સામાં રમખાણના સમયે માર્યા ગયા સમયે સંપૂર્ણ રીતે સરકારી નોકરી પર આધારિતનો ભાઇ ૧૯૮૪ના રમખાણો અને ૨૦૦૨ના ગુજરાતના કોમી રમખાણોમાં માર્યા ગયેલાના બાળકો અને આધારિત કુટુંબના સભ્યોએ સંબંધિત જીલ્લા કલેક્ટરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

♦ ૧લી જાન્યુઆરી ૧૯૮૦થી ૩૧મી ડિસેમ્બર, ૧૯૮૯ દરમિયાન જમ્મુ અને કાશ્મીર રાજ્યના સામાન્ય વસાહતી રહ્યા હોય તેવા દરેક વ્યક્તિઓને ઉપલી વય મર્યાદામાં ૫ વર્ષની મુક્તિ આપવામાં આવશે.

♦ સરકારી નોકરીયાત : કેન્દ્ર સરકાર દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ માર્ગદર્શિકાઓ અથવા ઓર્ડરો મુજબ સરકારી નોકરીયાતને ૫ વર્ષની વય મુક્તિ આપવામાં આવશે. જે વ્યક્તિ સરકાર / અર્ધસરકારી વિભાગમાં સેવા કરતી હોય તેમને તેમના આવેદનો યોગ્ય ચેનલ દ્વારા ''નાં વાંધાના પ્રમાણપત્ર'' એનેક્ષર-૧ મુજબ ફોર્મેટમાં ભરીને મોકલવા.

❑ **શૈક્ષણિક લાયકાત :**

♦ માન્ય બોર્ડમાંથી મેટ્રિક અથવા સમકક્ષ પરીક્ષા પાસ

♦ વેટરિનરી સ્ટોક આસિસ્ટન્ટ કોર્સ પાસ કરેલો હોવો જોઇએ.

❑ **શારીરિક માપદંડ :**

| વિગત | ઊંચાઇ | છાતી | | વજન |
|---|---|---|---|---|
| | | ફુલાવ્યા સિવાય | ફુલાવીને | |
| નીચે આપેલ કેટેગરી સિવાયના દરેક માટે | ૧૭૦ સે.મી. | ૮૦ સે.મી. | ૮૫ સે.મી. | દાકતરી ધારા-ધોરણો મુજબ ઊંચાઇ અને ઉંમરના પ્રમાણનું યોગ્ય સંતુલન |
| **તબીબી ધોરણોમાં મુક્તિ :** ગઢવાલીઝ, કુમાઉનીઝ, ગુર્ખા, ડોગરા, મરાઠા અને સિક્કિમ, નાગાલેન્ડ, અરૂણાચલ પ્રદેશ, મણિપુર, ત્રિપુરા, મિઝોરમ, મેઘાલય, આસામ, હિમાચલ પ્રદેશ, કાશ્મીર અને જમ્મુ કાશ્મીરનું લેહ લદ્દાખ ક્ષેત્રની શ્રેણીમાં આવતા ઉમેદવારો | ૧૬૫ સે.મી. | ૭૮ સે.મી. | ૮૩ સે.મી. | |
| અનુસૂચિત જનજાતિ સંબંધિત ઉમેદવારો માટે | ૧૬૨.૫ સે.મી. | ૭૬ સે.મી. | ૮૧ સે.મી. | |

**નોંધ :** જે ઉમેદવાર છાતી, ઉંચાઇનાં માપમાં છૂટછાટ મેળવવા ઇચ્છતા હોય તેઓએ એનેક્ષર-૫ મુજબ પ્રસ્તુત કરવું.

♦ **તબીબી ધોરણો :**

(એ) **આંખની દૃષ્ટિ :** એક આંખની (માસ્ટર આંખ)ની દૂરની દૃષ્ટિ ૬/૬ અને અન્ય આંખમાં કરેક્શન એટલે કે ગ્લાસ પહેર્યા વિના ૬/૯ હોવી જોઇએ.

(બી) ઉમેદવારના પગ વાંકા, સપાટ તળીયાવાળા, ફુલેલી નસો અથવા આંખમાં ફુલું ન હોવું જોઇએ અને તેઓ ઉચ્ચ કલર દૃષ્ટિ ધરાવતા હોવા જોઇએ. તેઓ પાસે સારૂ માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય હોવું જોઇએ અને કોઇપણ પ્રકારની શારીરિક અક્ષમતાઓ કે જે ફરજને અસરકારક નિભાવવામાં અડચણરૂપ બને તેમ હોય એ ન હોવું જોઇએ.

❑ **અરજી કેવી રીતે કરશો :**

લાયક અને રસ ધરાવતા ઉમેદવારો તેમના અરજી ફોર્મ (હિન્દી અથવા અંગ્રેજીમાં ભરવા) સંપૂર્ણ રીતે ભરીને ઉમેદવારનું એડમીટ કાર્ડ ભરવું. જે માન્ય પ્રોફોર્મામાં એનેક્ષર-૧ અને ૨ મુજબ ટાઇપ કરવું અથવા સ્વચ્છ અક્ષરોમાં ફુલ સાઇઝના સાદા પેપર પર એક તરફ લખાણ કરવું. જેના પર પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાડી ગેઝેટેડ ઓફિસર દ્વારા એટેસ્ટેડ કરાવી અરજી સાથે મોકલવો.

❑ **અરજી ફી :** જનરલ અને અ.પ.વ. શ્રેણીમાં આવતાં ઉમેદવારો માટે અરજી ફી રૂા. ૫૦/- રહેશે અને અ.જા./અ.જ.જા. તથા એક્સ સર્વિસમેન માટે કોઇપણ ફી રહેશે નહી. ઉમેદવારોએ ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર અથવા ક્રોસ બેંક ડ્રાફ્ટ દ્વારા Inspector General, BTC, ITBP ના નામે SBI Panchculla બ્રાંચમાં ચૂકવવાપાત્ર મોકલવો.

❑ **અરજી સાથે જોડવાના જરૂરી દસ્તાવેજો :**

અરજી ફોર્મ સાથે નીચે દર્શાવેલ વિગતો બીડવી.

(એ) બે તાજા પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ (એક અરજી ફોર્મ ઉપર જોડવો) (બીજો એટેસ્ટેડ કરાવી એડમીટ કાર્ડ ઉપર લગાવવો)

(બી) આઇપીઓ / બેંક ડ્રાફ્ટ રૂા. ૫૦/-નો (માત્ર જનરલ અને ઓબીસી ઉમેદવારો માટે)

(સી) બે સેલ્ફ એડ્રેસવાળા એટેસ્ટેડ એનવેલપ ૪" X ૯" સાઇઝના જે દરેક એન્વેલપ ઉપર રૂા. ૫/- ની પોસ્ટેજ સ્ટેમ્પ લગાવેલ હોય.

(ડી) અરજી મોકલવાના કવર પર સ્પષ્ટ અક્ષરોમાં ''એપ્લીકેશન ફોર ધ પોસ્ટ ઓફ હેડ કોન્સ્ટેબલ (ડ્રેસર વેટરિનરી) ઇન આઇટીબીપી'' લખવું.

❑ **અરજી મોકલવાનું સરનામું :**

Deputy Inspector General,
Basic Training Centre,
ITBPF, Post : Bhanu
District : Punchculla (Hariyana)
Pin Code : 143103

❑ **ભરતી પરીક્ષા સમયે લાવવાનાં જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો**

♦ (એ) નીચે જણાવેલ પ્રમાણપત્રો એટેસ્ટેડ કોપી સહિત ઓરીજીનલ પ્રમાણપત્રો લાવવા :

(૧) શૈક્ષણિક પ્રમાણપત્ર

(૨) જન્મનું પ્રમાણપત્ર (મેટ્રિક્યુલેશન અથવા દશમા ધોરણનું પ્રમાણપત્ર અથવા નેશનલ ઓપન સ્કૂલ/નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કુલ દ્વારા પ્રસ્તુત જન્મની તારીખના પુરાવા સહિતનું પ્રમાણપત્ર)

(૩) અ.જ. /અ.જા.જા. અ.પ.વ. પ્રમાણપત્ર (જો આ શ્રેણીઓને અનુસરતા હોય તો જે એસડીએમ અથવા તહેસીલદારની નીચેની હેસિયત ન ધરાવતા હોય તેમના દ્વારા પ્રસ્તુત નોંધ : ઓબીસી પ્રમાણપત્ર માન્ય પરફોમામાં એનેક્ષર-૪માં જણાવ્યા પ્રમાણે જ હોવું જોઇએ.

(૪) ડોમીસીયલ પ્રમાણપત્ર જે લોકલ રેવન્યુ ઓથોરીટી દ્વારા પ્રસ્તુત હોય અને તે સિટીઝનશીપ/ઉંચાઇ અને છુટછાટના દાવા માટે વેરીફીકેશન કરેલ હોય.

(૫) એક્સ સર્વિસમેન માટે ડિસ્ચાર્જ પ્રમાણપત્ર.

(૬) વેટરિનરી સ્ટોક આસિસ્ટન્ટ કોર્સ પ્રમાણપત્ર

❑ **પસંદગીની પ્રક્રિયા :**

યોગ્ય ઉમેદવારને ભરતી પરીક્ષા સમયે એડમીટ કાર્ડ આપવામાં આવશે. જેમાં ભરતી પરીક્ષાની તારીખ અને સ્થળ દર્શાવેલ હશે. ઉમેદવારને નીચે જણાવેલ પરીક્ષાઓ પસાર કરવાની રહેશે.

(એ) **દસ્તાવેજોની ચકાસણી :** નિર્ધારીત તારીખો અને સમયે હાજર રહેનાર ઉમેદવારોના અસલ દસ્તાવેજો ચકાસવામાં આવશે. ત્યારબાદ અસલ દસ્તાવેજો પરત કરાશે.

(બી) **શારીરિક પ્રમાણ:** જેમના દસ્તાવેજો પરીક્ષણમાં યોગ્ય જણાશે તે ઉમેદવારને સૌ પ્રથમ ઉંચાઇ, છાતી અને વજન મેજરમેન્ટનાં પરીક્ષણ માટે મોકલાશે.

(સી) **શારીરિક ક્ષમતા પરીક્ષણ :** જે ઉમેદવાર શારિરીક પ્રમાણ પરીક્ષણમાં યોગ્ય જણાશે તેઓએ નીચે જણાવેલ પ્રસંગોમાં શારિરીક ક્ષમતા પરીક્ષણમાં ચાલુ રખાશે.

(૧) એક માઇલની દોડ ૬.૫ મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) ૧૧ ફૂટનો લાંબો કૂદકો (ત્રણ તક અપાશે)

(૩) ૩.૫ ફૂટ ઊંચો કૂદકો (ત્રણ તક અપાશે)

➔

➔

**નોંધ :** જેઓ ઉપરોક્ત શારીરિક ક્ષમતા પરીક્ષણમાં ઉતિર્ણ થશે નહી તેઓને નાપાસ કરાશે અને આગામી પરીક્ષણોમાં પ્રવેશ આપાશે નહીં.

(૧) જે ઉમેદવાર શારીરિક ક્ષમતા પરીક્ષામાં ઉતિર્ણ થશે તેમણે લેખિત પરીક્ષામાં હાજર રહેવું પડશે.

♦ **પ્રેક્ટીકલ/ટ્રેડ ટેસ્ટ (૬૦ ગુણ) :** લેખિત પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારોએ પોતાના ટ્રેડ સંબંધી ટ્રેડ ટેસ્ટ આપવાનો રહેશે.

♦ **ઈન્ટરવ્યૂ : (૨૫ ગુણ) :** ટ્રેડ ટેસ્ટ બાદ ઈન્ટરવ્યૂ યોજાશે.

♦ **વિસ્તૃત દાકતરી પરિક્ષણ :** યોગ્યતા યાદીમાં ઉતિર્ણ ઉમેદવારને દાકતરી પરીક્ષણ માટે તેમની શારીરિક અને ચીકિત્સકીય સ્વસ્થ્યતા વિષે યોગ્યતા ધોરણો મુજબ મૂલ્યાંકન કરાશે. દાકતરી પરીક્ષણ લેખિત પરીક્ષા બાદ આયોજીત કરાશે.

♦ **લેખિત પરીક્ષા (૫૦ ગુણ) :**

❑ પ્રત્યેક યોગ્ય ઉમેદવારને એડમિટ કાર્ડ દ્વારા ભરતી પરીક્ષાના સ્થળ અને તારીખ વિષે જણાવાશે. ઉમેદવારે ભરતી સ્થળે ૬-૭ દિવસના રોકાણની તથા દરેક પ્રકારની પોતાની રીતે તૈયારી કરીને આવવાનું રહેશે. શારીરિક શ્રમતામાં કોઇપણ પ્રકારની શારીરિક ક્ષતિ / નુકશાન માટે સરકાર જવાબદાર રહેશે નહીં. ટી.એ. / ડી.એ. મળવાપાત્ર નથી. અધૂરી અરજીઓ તૂરંત રદ થશે અને તે બાબતે કોઈપણ પ્રકારનો પત્રવ્યવહાર કરાશે નહીં. ઉપર દર્શાવેલ તારીખ બાદ પ્રાપ્ત અરજી સ્વીકાર કરાશે નહીં.

❑ વધુ માહિતી માટે વેબસાઇટ : **http:/www.irbpolice.nic.in** માં **http:/itbp.gov.in rectcelldte.gov.in** અથવા ફોન નં. ૦૧૧-૨૪૩૬૭૬૬૦, ૦૧૧-૨૪૩૬૨૮૩૭ ઉપર સંપર્ક કરવો.

ડે.ઇન્સ્પેકટર જનરલ
(પર્સ-II અને રીક્રૂટ)

●

## ઘેર બેઠાં ઉર્દૂ શીખવી છે ?

**નવી દિલ્હીમાં આવેલી પ્રસિધ્ધ જામીયા મીલીયા ઈસ્લામીયા યુનિવર્સિટી દ્વારા ઘેર બેઠાં પત્રાચાર દ્વારા ઉર્દૂ શીખવવામાં આવે છે. એક વર્ષની અવધિવાળો આ પ્રમાણપત્ર કોર્સ હિન્દી અથવા અંગ્રેજી ભાષા દ્વારા શીખવવામાં આવે છે. સાવ નજીવી ફી માં ઘેર બેઠાં ઉર્દૂ શીખવા ઈચ્છતા યુવાનો વર્ષ દરમિયાન ગમે ત્યારે કોર્ષમાં જોડાઈ શકે છે.**

**કોર્સ માટે એનરોલમેન્ટ ફી (ભારતમાં) માત્ર રૂા. ૧૦૦ ચૂકવવાની છે તે સિવાય કોઈ જ ટ્યુશન ફી લેવામાં આવતી નથી. ઉર્દૂ ભાષા શીખવા ઉત્સાહી યુવાનો પ્રવેશ ફોર્મ અને માહિતી પુસ્તિકા સ્વયંનું સરનામું લખેલ ૨૪ x ૧૨ સે. મી. સાઈઝનું પરબીડીયું રૂા. ૧૦ ની ટિકીટ લગાડી નીચે દર્શાવેલ સરનામે મોકલી મંગાવી શકે છે. એડમીશન ફોર્મ યુનિ. વેબસાઈટ : Wttp://www.jmi.nic.in./cdol/uccform.pdf પરથી પણ ડાઉનલોડ કરી શકે છે.**

**સરનામું :**

**Hony. Director,
Urdu Correspondence Course,
Arjun Singh Centre for
Distance &
Open Learning, Jamia Millia Ismalia,
New Delhi-25.**

●

### ઈન્ડો તિબેટિયન સીમા પોલીસ બળમાં હેડ કોન્સ્ટેબલ (ડ્રેસર વેટરિનરી)ની જગ્યા માટે અરજી

બેઠક નં. : ________
(માત્ર કચેરીના ઉપયોગ માટે)

ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ તાજેતરનો તમારો પાસપોર્ટ સાઈઝનો ફોટો અહીંયા લગાવવો.

૧. રાજ્યનું નામ ..........
૨. આઈપીઓ/બેંક ડ્રાફ્ટનો નંબર અને તારીખ..........
૩. કિંમત રૂ. ..........
૪. નામ ..........
(મેટ્રિક્યુલેશન પ્રમાણપત્રમાં નોંધાયા મુજબ ઘાટા અક્ષરોમાં)
૫. પિતાનું નામ ..........
૬. શૈક્ષણિક લાયકાત..........
૭. વ્યવસાયિક લાયકાત..........
૮. કેટેગરી (સામાન્ય/એસસી/એસટી/ઓબીસી/નિવૃત્ત સૈનિક..........
૯. જન્મ તારીખ..........
૧૦. રાષ્ટ્રીયતા ..........
૧૧. ધર્મ ..........
૧૨. ઉમેદવાર સામાન્ય રીતે જે રાજ્યનો વતની હોય..........
૧૩. તમે કોઈ ઉંમરમાં મુક્તિ માટે દાવો કર્યો છે (હા / ના)..........

૧૪. કાયમી રહેઠાણનું સરનામુ :

| (હિન્દીમાં) | (અંગ્રેજીમાં) |
|---|---|
| ગામ/મહોલ્લો.......... | Village/Mohalla.......... |
| પોસ્ટ ઓફિસ.......... | Post Office.......... |
| તાલુકો .......... | Tehsil.......... |
| પોલીસ સ્ટેશન.......... | Police Station.......... |
| જિલ્લો.......... | District.......... |
| રાજ્ય.......... | State.......... |
| પીનકોડ નંબર.......... | Pin Code No.......... |
| ટેલીફોન નં. એસટીડી કોડ :.......... | Tel. No..........Mobile.......... |

૧૫. વર્તમાન ટપાલ સરનામું :

| (હિન્દીમાં) | (અંગ્રેજીમાં) |
|---|---|
| ગામ/મહોલ્લો.......... | Village/Mohalla.......... |
| પોસ્ટ ઓફિસ.......... | Post Office.......... |
| તાલુકો .......... | Tehsil.......... |
| પોલીસ સ્ટેશન.......... | Police Station.......... |
| જિલ્લો.......... | District.......... |
| રાજ્ય.......... | State.......... |
| પીનકોડ નંબર.......... | Pin Code No.......... |
| ટેલીફોન નં. એસટીડી કોડ :.......... | Tel. No..........Mobile.......... |

૧૬. શારીરિક માપદંડ
ઉંચાઈ..........સે.મી. છાતી : ફુલાવીને..........સે.મી.
વજન..........કિ.ગ્રા. ફુલાવ્યા વગર :..........સે.મી.
તમે ચશ્મા પહેરો છો (હા/ના..........)
૧૭. જો હાલમાં ક્યાંય કામ કરતા હોય તો તેનું વિવરણ : ..........
પોસ્ટ સર્વિસ નંબર / વિભાગનું નામ વગેરે સહિત ..........
..........
૧૭. બીડાણની યાદી :
૧. ..........
૨. ..........
૩. ..........

**નોંધ :** ઉમેદવારે પાછળના તબક્કે કોઇપણ પ્રકારના ડીસ એપોઇન્ટમેન્ટ નિવારવા માટે શારીરિક ધારાધોરણો જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણે પરિપૂર્ણ કરતાં હોય તેમણે જ આવેદન કરવું.

**એકરાર**

આ અરજીમાં મેં જણાવેલા દરેક વિધાનો મારા શ્રેષ્ઠ જ્ઞાન અને માન્યતા મુજબ સત્ય, સંપૂર્ણ અને સાચા છે. જો કોઈ કિસ્સામાં કસોટી અને સાક્ષાત્કાર પહેલા અથવા પછી માહિતી ખોટી અથવા અયોગ્ય અથવા બિન લાયકાતી જણાશે તો મારી ઉમેદવારી રદ થવાને પાત્ર ઠરશે અને નિમણૂંકના મારા સઘળા દાવાઓ પૂર્ણ થશે. આ સિવાય સમજુ છુ કે કોઇપણ તબક્કે હું પસંદગી પ્રક્રિયાની લેખિત પરીક્ષા/કસોટી અથવા તે અંગેના કોઈ પણ નિયમો/માર્ગદર્શિકાઓને અયોગ્ય ઉપયોગ કરતો હોઈશ તો મારી ઉમેદવારી રદ કરવામાં આવશે અને પસંદગી બોર્ડની મનસુફીના આધારે મને નિષ્ફળ જાહેર કરવામાં આવશે.

સ્થળ :.......... (ઉમેદવારની સહી)
તા. :.......... પૂરું નામ :

**ના વાંધા પ્રમાણપત્ર**

સરકારી સેવામાં રહેલા ઉમેદવારોએ તેઓની અરજી યોગ્ય ચેનલ દ્વારા તેના રોજગાર દાતા દ્વારા નીચેના પ્રમાણપત્રો પર સહી કરીને જણાવવાનું રહેશે કે જો તેની ઈન્ડો-તિબેટિયન સીમા પોલીસ બળમાં હેડ કોન્સ્ટેબલ (ડ્રેસર વેટરિનરી) તરીકે પસંદગી થશે તો રોજગારદાતા તેને મુક્ત કરશે.

૧. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી.......... કેન્દ્ર/રાજ્ય સરકાર હેઠળ..........માં.......... ની કાયમી/હંગામી પોસ્ટ ધરાવે છે.
૨. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, તેણે અરજી આ વિભાગ/ઓફીસને તારીખ..........ના રોજ જમા કરાવી છે.
૩. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી.......... જો તેઓની ઈન્ડો-તિબેટિયન પોલીસ બળમાં હેડ કોન્સ્ટેબલ (ડ્રેસર વેટરિનરી) તરીકે પસંદગી થશે તો તેને મુક્ત કરવામાં આવશે.

સ્થળ :.......... કચેરીના સિક્કા સહિત
તા. :.......... કચેરીના વડાની સહી

**પરિશિષ્ટ '૨'**

### ઈન્ડો તિબેટિયન સીમા પોલીસ બળમાં કોન્સ્ટેબલ (ડ્રેસર વેટરિનરી) જગ્યા માટેની ભરતી

**પ્રવેશકાર્ડ**

નોંધ : બ્લોક લેટરમાં ભરવું.

બેઠક નં. : ________
(માત્ર કચેરીના ઉપયોગ માટે)

ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ તાજેતરનો તમારો પાસપોર્ટ સાઈઝનો ફોટો અહીંયા લગાવવો.

૧. ઉમેદવારનું નામ ..........
૨. પિતાનું નામ..........
૩. જન્મ તારીખ..........
૪. શૈક્ષણિક લાયકાત..........
૫. વ્યવસાયિક લાયકાત..........
૬. વર્તમાન ટપાલનું સરનામું :
ગામ/મહોલ્લો.......... પોસ્ટ ઓફિસ..........
તાલુકો .......... પોલીસ સ્ટેશન..........
જિલ્લો.......... રાજ્ય..........
પીનકોડ નંબર..........
૭. કેટગરી(સામાન્ય/એસસી/એસટી/ઓબીસી/નિવૃત્ત સૈનિક)..........

(ઉમેદવારની સહી)
પૂરું નામ :

**(આઇટીબીપી દ્વારા ભરવું)**

૧. ભરતીનું કેન્દ્ર : ..........
૨. ભરતીની તારીખ અને સમય : ..........
૩. ઈસ્યુની તારીખ : ..........

**(ભરતી અધિકારીની સહી)**
**સીલ સહીત**

**(નોંધ : ઉમેદવારે પોતાની સાથે પેન/પેન્સિલ, ઇંક, કલીપ બોર્ડ લેખિત પરીક્ષા સમયે સાથે લાવવાના રહેશે.)**

## નાના-મધ્યમ કક્ષાના એકમો માટે ઉદ્યોગ વિભાગની વ્યાજ સહાય યોજના

### યુવા ઉદ્યોગકારોને વધારાની ૧ ટકા વ્યાજ સહાય

ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓ, કાચામાલની ઉપલબ્તા, કૌશલ્યવર્ધક કામદારો, શાંત વાતાવરણ, પારદર્શક નીતિ જરૂરી છે અને પરિણામે ગુજરાત સરકારની આવી નવી ઔદ્યોગિક નીતિને કારણે ઝડપી ઔદ્યોગિક વિકાસ થયો છે. ગુજરાત સરકારની આવી નીતિઓ પૈકી એક વ્યાજ સહાય યોજના અહીં વિસ્તૃતરૂપે રજૂ કરવામાં આવી છે.

સરકાર તરફથી માઈક્રો, લઘુ અને મધ્યમ કક્ષાના એકમો માટે સરકારી ઠરાવ ક્રમાંક : એમએસએમ/૧૦૨૦૦૯/૫૭૯૨૮/૧, તા. ૨૭-૨-૦૯ થી અમલમાં આવે તે રીતે ૫ વર્ષની મુદત માટે બહાર પાડવામાં આવેલ છે.

❑ **વ્યાજ સહાય માટેની યોગ્યતા :**

(૧) એમ.એસ.એમ.ઈ.ડી. એક્ટ-૨૦૦૬ હેઠળ નોંધાયેલા એકમો તેમજ વખતો વખતના સુધારા મુજબના માઈક્રો, લઘુ અને મધ્યમ એકમો

(૨) યોજનાના સમયગાળા દરમ્યાન વેપારી ધોરણે ઉત્પાદન ચાલુ કરેલ હોય તેવા એકમો

(૩) વિસ્તૃતીકરણ, વૈવિધ્ય કરતાં એકમો કે જે અ.નં. ૧ મુજબની વ્યાખ્યા સંતોષતા એકમો

(અ) વિસ્તૃતીકરણ અને વૈવિધ્યકરણના કિસ્સામાં હયાત સ્થાયી મૂડીરોકાણ ધરાવતાં અને એમ.એસ.એમ.ઈ.ડી.એક્ટ હેઠળ આવરી લેવાતા એકમો.

(બ) આધુનિકરણના કિસ્સામાં હયાત સ્થાયી મૂડીરોકાણના ૨૫ ટકાથી વધુ વધારો કરતાં અને ઠરાવની શરતો સંતોષતા એકમ.

આધુનિકરણમાં નવી ટેક્નોલોજી અપનાવવા કે ગુણવત્તા સુધારવા સ્થાપિત યંત્ર સામગ્રીમાં સુધારો કરવો, આધુનિક યંત્ર સામગ્રી વસાવવી કે ઉત્પાદન પ્રક્રિયામાં ફેરફાર કરવાનો સમાવેશ થાય છે.

❑ **વ્યાજ સહાય મેળવવા માટેની શરતો :**

(૧) રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ધ્વારા અધિકૃત માન્યતા ધરાવતી નાણાંકીય સંસ્થા ધ્વારા ટર્મલોન મેળવેલ હોવી જોઈએ.

(૨) બેંક ધ્વારા ટર્મલોન મંજુર થયાની તારીખથી અથવા પ્રથમ ધિરાણ મેળવ્યાની તારીખથી એકમે એક વર્ષમાં અરજી કરવાની રહે છે. આ તારીખથી મોડી અરજી કરનારને સહાય મળવાપાત્ર નથી.

(૩) યોજનાના અમલીકરણના સમયગાળા દરમ્યાન ધિરાણ મેળવેલ હોવું જોઈએ.

**સ્વરોજગાર માર્ગદર્શન**

(૪) યોજનાના સમયગાળા દરમ્યાન વાણિજ્ય ઉત્પાદન શરૂ કરેલ હોવું જોઈએ. ત્યાર પછી જ સહાય ચુકવવામાં આવશે.

(૫) માઈક્રો એન્ટરપ્રાઈઝ માટે વાર્ષિક ૭ ટકા વ્યાજ સહાય મળવાપાત્ર રહેશે. જ્યારે લઘુ અને મધ્યમ એન્ટરપ્રાઈઝ ને ૫ ટકા વ્યાજ સહાય મળવાપાત્ર રહેશે.

(૬) ૩૫ વર્ષથી નાના યુવા ઉદ્યોગકારને ૧ ટકા વધારાની વ્યાજ સહાય મળવાપાત્ર થશે અને મહિલા ઉદ્યોગકારને પ્રાધાન્યતા આપવામાં આવશે.

(૭) વ્યાજ સહાય ફક્ત નાણાંકીય સંસ્થાના ધિરાણ ઉપરના વ્યાજ માટે મળવાપાત્ર રહેશે. પરંતુ પેનલ્ટી કે અન્ય ચાર્જ ઉપરના વ્યાજ માટે સહાય મળશે નહીં તેમજ ડિફોલ્ટ થતાં સમયગાળાની વ્યાજ સહાય મળશે નહીં.

(૮) વર્ષે રૂા. ૨૫ લાખની મર્યાદામાં ૫ વર્ષ સુધી સહાય મળવાપાત્ર રહેશે. જે અંગે વ્યાજની ગણત્રી નાણાંકીય સંસ્થાના પ્રથમ ધિરાણની તારીખથી ગણવાની રહેશે.

(૯) વ્યાજ સહાય માટેનો સમયગાળો વધુમાં વધુ પાંચ વર્ષ કે લોન પરત ભરપાઈ કર્યાનો સમયગાળો બે પૈકી જે પહેલાં હશે તે ધ્યાનમાં લેવાશે.

(૧૦) માંદા એકમોને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર નથી.

(૧૧) સરકારના કોઈપણ પ્રકારના લ્હેણાં બાકી હોય તો આ યોજના હેઠળ સહાય મળવાપાત્ર નથી.

❑ **વ્યાજ સહાય મેળવવા માટેની કાર્યપધ્ધતિ :**

(૧) એકમે નિયત નમુનાના અરજી પત્રક તેમજ તેની સાથે જરૂરી દસ્તાવેજ પુરાવાઓ સાથે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીને અરજી કરવાની રહેશે.

(૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીમાં અરજીની ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતાં એકમને વ્યાજ સહાય મંજુરીપત્ર પાઠવવા આવે છે.

(૩) ઉત્પાદનમાં ગયા બાદ એકમે સંબંધિત નાણાંકીય સંસ્થાના જરૂરી સર્ટીફિકેશન સહિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને રીઈમ્બર્શમેન્ટ માટેનો દાવો રજૂ કરવાનો રહેશે.

(૪) સરકાર તરફથી વ્યાજ સહાય અંગેના ફંડની ફાળવણી થયા બાદ વ્યાજ સહાયની રકમ ચેક ધ્વારા ચુકવવામાં આવશે.

❑ **અન્ય શરતો :** વ્યાજ સહાય માટે એકમે નીચે મુજબની શરતોનું પણ પાલન કરવાનું રહેશે.

(૧) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના નિયત કરેલ ધોરણોનું પાલન કરવાનું રહેશે. તેમજ સરકારશ્રીના સંબંધીત ખાતાના જરૂરી પરવાના મેળવવાના રહેશે.

(૨) વાણિજ્ય ઉત્પાદન તારીખથી એકમે સતત પાંચ વર્ષ સુધી ઉત્પાદન પ્રવૃત્તિ ચાલુ રાખવાની રહેશે.

(૩) વખતો વખત સરકાર તરફથી માંગવામાં આવતી ઉત્પાદન, રોજગારી, પાવર વપરાશ વગેરેને લગતી માહિતી પૂરી પાડવાની રહેશે.

(૪) એકમે કુલ રોજગારી પૈકી કામદારોના ૮૫ ટકા અને સુપરવાઈઝર, મેનેજર કેટેગરીના ૬૦ ટકા સ્થાનિક રોજગારી નિભાવવાની રહેશે.

